Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૧૨ ● સળંગ અંક : ૧૦૫૦ ● પ્રકાશિત તા-૨૯-૧-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

### કોલ્ડપ્લેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું- ઘણો અવકાશ છે

# પીએમ મોદીએ આપ્યો 'કોન્સર્ટ ઈકોનોમી'નો કોન્સેપ્ટપ

**પીએમ મોદીએ કહ્યું કે તેઓ આશાવાદી છે કે રાજ્ય સરકારો અને ખાનગી ક્ષેત્ર કોન્સર્ટ અર્થતંત્ર ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરશે. આજકાલ દુનિયાભરના મોટા કલાકારો ભારતમાં આવવા માંગે છે...**

અમદાવાદ : અમદાવાદ અને મુંબઈમાં બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લેના કોન્સર્ટ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારતમાં લાઈવ કોન્સર્ટનો વિશાળ અવકાશ છે. ભારતમાં આ ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં તમે મુંબઈ અને અમદાવાદમાં યોજાયેલા કોલ્ડપ્લે કોન્સર્ટની શાનદાર તસવીરો જોઈ હશે, આ એ વાતનો પુરાવો છે કે ભારતમાં લાઈવ કોન્સર્ટનો કેટલો સ્કોપ છે. આજે કોન્સર્ટ ઈકોનોમી સેક્ટર ભારતમાં પણ વધી રહ્યું છે. આ દેશ કોન્સર્ટનો મોટો ઉપભોક્તા છે.

રિપોર્ટ મુજબ, ભુવનેશ્વરમાં ઉત્કર્ષ ઓડિશા મેક ઈન ઓડિશા કોક્લેવ ૨૦૨૫ને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે તેઓ આશાવાદી છે કે રાજ્ય સરકારો અને ખાનગી ક્ષેત્ર કોન્સર્ટ અર્થતંત્ર ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરશે. આજકાલ દુનિયાભરના મોટા કલાકારો ભારતમાં આવવા માંગે છે.તેમણે કહ્યું કે આ એક એવો દેશ છે જ્યાં સંગીત, નૃત્ય અને વાર્તા કહેવાનો મહાન વારસો છે. અહીં કોન્સર્ટ અર્થતંત્ર માટે ઘણી સંભાવનાઓ છે. છેલ્લા ૧૦ વર્ષમાં લાઈવ ઈવેન્ટ્સ અને કોન્સર્ટનો ટ્રેન્ડ વધ્યો છે.

તમને જણાવી દઈએ કે કોલ્ડપ્લેના ૧૮મી જાન્યુઆરીએ મુંબઈમાં બે શો અને ૨૧મી જાન્યુઆરીએ નવી મુંબઈમાં એક શો હતો. આ પછી અમદાવાદમાં ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ તેમનો કોન્સર્ટ યોજાયો હતો.આ દરમિયાન કોલ્ડપ્લે બેન્ડના ફ્રન્ટમેન ક્રિસ માર્ટિને દર્શકો સાથે હિન્દી, મરાઠી અને ગુજરાતીમાં વાત કરી હતી. શાહરૂખ ખાન અને જસપ્રિત બુમરાહે પણ અમદાવાદમાં શોમાં હાજરી આપી હતી.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-ચંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-ચંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

JIGISHA SPECIALITY HOSPITAL
WARMLY WELCOMES






Dr. RAVI SHAH
DM Endocrinologist
Who is a superspecialist in Diabetes, Thyroid and Hormonal disorders with DM and MRCP (UK) SCE in Endocrinology from the prestigious institute PGI Chandigarh.

Dr. SHIKHA SHAH
MD Dermatologist (Gold Medalist)
who is also DNB (All India Gold Medalist) and has MRCP (UK) SCE in Dermatology.

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre UNIT OF JIGISHA HOSPITAL
JIGISHA Speciality Hospital SINCE 1997 | COMMITTED TO CARE
Dr. SHIKHA'S Skin Clinic SKIN · HAIR · LASERS · AESTHETICS UNIT OF JIGISHA HOSPITAL

301 C, Shivalik Square, Nr. CNG Pump, 132 Ft. Ring Road, New Vadaj, Ahmedabad.
Make an Appointment by Calling: +91 97370 54800

MANGALAM
Navavadaj · Gurukul



www.mangalamdesigner.com

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### નવા વાડજ સહિત પશ્ચિમની અનેક શાળાઓના નામ બડે ઔર દર્શન ખોટે

# લાયકાત વગરના શિક્ષકો બાળકોને શું ભણાવશે? કોણ જવાબદાર ?

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

**નિયમ પ્રમાણે, ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓને ભણાવવા માટે કમસેકમ શિક્ષક PTC કરેલો હોવો જોઈએ, જ્યારે ધોરણ ૬ થી ૮ના શિક્ષકે BA , B.Ed કરેલું હોવું જોઈએ. તો માધ્યમિકમાં ભણાવતા શિક્ષક પાસે BA, B.Ed, B.Sc જેવી ડિગ્રી હોવી જરૂરી છે. જ્યારે હાયર સેકન્ડરીના શિક્ષકે MA, M.Sc, B.Ed કરેલું હોવું જોઈએ...**

અમદાવાદ : ગુજરાતમાં શિક્ષણનો મુદ્દો હંમેશા ચર્ચામાં રહે છે.જેમાં રાજ્યની ખાનગી શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો શિક્ષણ આપતા હોવાનું સામે આવ્યું છે. જેમાં સૌથી વધુ નવા વાડજ સહિત આજુબાજુમાં વિસ્તારોમાં આવેલ નાની મોટી તમામ ખાનગી શાળાઓ મસમોટી ફી ઉઘરાવતી હોવા છતાં, જે તે શાળાઓમાં શિક્ષકો મુળ લાયકાત વગરના હોવાનું જાણવા મળ્યું છે. વિદ્યાર્થીના શિક્ષણની સૌથી મોટી કમનસીબી એ છે કે ખાનગી સ્કૂલોમાં જે શિક્ષકો ભણાવી રહ્યા છે તેમની લાયકાતના ડેટા ખુદ શિક્ષણ વિભાગ પાસે નથી. FRC પણ શિક્ષકોની લાયકાતના ડેટા નથી માગતી માત્ર શિક્ષકોનું લીસ્ટ માગે છે. તેવામાં શિક્ષણ માફિયાઓ સ્કૂલોમાં લાયકાત વાળા શિક્ષકો બતાવીને FRC પાસેથી મોટી ફી મંજૂર કરાવી લે છે.નવાઈની વાત એ છે કે, શિક્ષકોની શૈક્ષણિક લાયકાતની તપાસ જે DEOની હોય છે, તેમની પાસે પણ કોઈ ડેટા ઉપલબ્ધ નથી.

જોકે શાળાઓને અને વાલીઓને એ ખબર ન હોય કે, કેટલી લાયકાત ધરાવતા શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવી શકે. તો અહીં અમે તે પણ જણાવી દઈએ છીએ. નિયમ પ્રમાણે, ધોરણ-૧થી ૫ના વિદ્યાર્થીઓને ભણાવવા માટે કમસેકમ શિક્ષક PTC કરેલો હોવો જોઈએ, જ્યારે ધોરણ ૬ થી ૮ના શિક્ષકે BA , B.Ed કરેલું હોવું જોઈએ. તો માધ્યમિકમાં ભણાવતા શિક્ષક પાસે BA, B.Ed, B.Sc જેવી ડિગ્રી હોવી જરૂરી છે. જ્યારે હાયર સેકન્ડરીના શિક્ષકે MA, M.Sc, B.Ed કરેલું હોવું જોઈએ. આ બધા નિયમોને NCTEએ વર્ષો પહેલા નક્કી કર્યા હતા. પરંતુ આજે તેમાંનું કાંઈ નથી થતું. બસ વાલીઓ પાસેથી શિક્ષણના નામે લાખો રૂપિયાની લૂંટ થાય છે.

અહીં સવાલ એ થાય છે કે, કેવી રીતે લાયકાત વગરના શિક્ષકો વિદ્યાર્થીઓને ભણાવી શકે? સ્કૂલમાં લાયકાત વગરના શિક્ષકોની તપાસની જવાબદારી કોની છે? શું શાળાઓની મસમોટી ફી કોઈપણ ચકાસણી વગર જ FRC નક્કી કરે છે? ખાનગી શાળામાં શિક્ષકોની ગુણવત્તાની ચકાસણી કેમ નથી થતી? શું શિક્ષણ વિભાગના અધિકારીઓને માત્ર પોતાના પગારમાં જ રસ છે? સવાલો અનેક છે.પરંતુ અહીં મુદ્દો ગુજરાતના ભાવિનો છે. ત્યારે જોવાનું એ રહેશે કે, ભણશે ગુજરાત.આગળ વધશે ગુજરાતની વાતો કરતી સરકાર આ દિશામાં કોઈ કડક કાર્યવાહી કરે છે કે, નહીં.

# અમદાવાદના ફ્લાવર શોના ફૂલો નર્સરીમાંથી ખરીદી શકાશે, જાણો તમામ વિગતો

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના સાબરમતી રિવરફ્રન્ટ પર યોજવામાં આવેલો ફ્લાવર શો ખૂબ પ્રસિદ્ધ થયો છે. ત્યારે હવે રિવરફ્રન્ટ પર યોજાયેલ ફ્લાવર શો ૨૬ જાન્યુઆરીના રોજ પૂર્ણ થયો હતો. હવે રિવરફ્રન્ટ ફ્લાવર શોમાં વપરાયેલા ફૂલછોડ લોકો ખરીદી શકશે, AMC એકદમ નજીવા દરે આ ફૂલછોડ ૫ નર્સરી દ્વારા વેચશે. એલિસબ્રીજ, ગોતા, નિકોલ, ચાંદખેડા અને નવરંગપુરા સ્થિત ૫ નર્સરી દ્વારા આ રોપાઓ વેચવામાં આવશે. ૨૮ થી ૩૧ જાન્યુઆરી સુધી સવારે ૯ થી રાત્રિના ૬ વાગ્યા સુધી (બપોરે ૧ થી ૨ દરમિયાન બ્રેક) આ રોપાઓ લોકો લઈ શકશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજવામાં આવેલાં અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો-૨૦૨૫માં પ્રદર્શિત કરવામાં સિઝનલ પ્રકારનાં રોપાનું વેચાણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વેચાણ કરવાનાં સિઝનલ રોપાની વિગતો અમદાવાદ મ્યુનિસિપલ કોપેરિશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in ઉપર મુકવામાં આવી છે. જેમાં વ્યક્તિ/એજન્સીએ ઓફિસનાં કામકાજનાં દિવસોએ રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરી રોપા મેળવી શકશે. એક રોપાથી લઈ ૧૦૦ અને ૧૦૦થી ૧૦૦૦ રોપા સુધીનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે. ૧૦ રૂપિયાથી લઈને ૨૩૫ રૂપિયા સુધીનો ભાવ રાખવામાં આવ્યો છે.

પાંચ જેટલી નર્સરીઓમાં સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શો દરમિયાન હયાત સિઝનલ પ્રકારના ફૂલો જેમાં ગજેનીલા, ડાયનથસ, સિલાસીયા, વિક્રા, કેલેન્ડુલા, ઓર્નામેન્ટલ કેલ, બીગોનીયા, હાયપોસ્ટીસ, સિલ્વર ડસ્ટ, પીટુનીયા, બુફોબિયા, કોલીયસ, સેવતી, સાલ્વીયા, એસ્ટર જેવા રોપા મળશે. જ્યારે ૬ઇંચ ઊંચા ઓર્નામેન્ટલ કેલે, પોટ પાનસેટિયા, પોટ (પિટુનીયા સેવતી વગેરે) પોર્ટ કેલેન્ચો રોપા મળશે. ૮ ઇંચના પોટ પાનસેટીયા અને ૯ કેવીટી (ડાયન્જસ, પીટુનીયા વગેરે) મળશે. ૪૨ કેવીટી (ડાયન્યા, પીટુનીયા. ગ્રીન રેડ અલ્ટનેન્થેરા વગેરે) પણ મળશે.

પાંચેય નર્સરીઓ પર ૨૮ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધીમાં સવારે નવ વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધી અને બપોરે બે વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી ખુલ્લી રહેશે. રોપા લઈ જવા માટે વસ્તુ, કન્ટેઈનર તથા વાહન ખરીદનારે લાવવાનું રહેશે. સ્થળ પર રોપા જોઈ જગ્યો નક્કી કરી નિયત દર મુજબ ચુકવણી કર્યા બાદ રોપા આપવામાં આવશે. રોપા ખરીદનારે જ તેઓનાં સ્વખર્ચે સ્થળ પરથી રોપા ઉપાડી લેવાનાં રહેશે.

જાણો પાંચ નર્સરીના નામ-સરનામા

૧. રસાલા નર્સરી, લૉ-ગાર્ડન બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે, એલિસબ્રિજ અમદાવાદ

૨. સૌરભ નર્સરી, સૌરભ ગાર્ડન સામે, મૈમનગર ફાયર સ્ટેશન પાછળ, નવરંગપુરા

૩. વિશ્વકમાં નર્સરી, વિશ્વકર્મા કોલેજ પાછળ, આઈસીઆઈસીઆઇ બેંકની ગલીમાં, ન્યુ.સી.જી.રોડ, ચાંદખેડા

૪. સાયન્સ સિટી નર્સરી, સાયન્સ સિટી રોડ, ધ કેપીટલ-રની ગલીમાં, કેનાલ રોડ, ગોતા

૫. નિકોલ નર્સરી, ૧૦૮ ઈમરજન્સી કોલ સેન્ટર પાછળ, બાગબાન ફાર્મ પાસે, જી.ઈ.બી. સબ સ્ટેશન રોડ, નિકોલ

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**


ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે



વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.



ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## હાઉસીંગની સોસાયટીઓમાં રિડેવલપમેન્ટ પ્રક્રિયામાં ગીફટ મનીનું ભૂત ફરી ધુણ્યું

# નારણપુરાની કેટલીક સોસાયટીઓમાં ગીફટ મનીની અપાયા હોવાની ચર્ચા...!!

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : નારણપુરા, સોલા અને નવા વાડજમાં અનેક હાઉસીંગ વસાહતોમાં સરકારની રિડેવલપમેન્ટ પોલીસી હેઠળ રિડેવલપમેન્ટ ચાલી રહ્યું છે.હાઉસિંગ કોલોનીઓમાં રિડેવલપમેન્ટની પ્રક્રિયામાં સૌથી અગત્યનો પ્રશ્ન મોટુ બાંધકામ અને ગીફટ મની છે...ગીફટ મનીને કયાંક ફર્નીચરના તરીકે, તો કયાંય રોકડ તો કયાંક સોનાની લગડી તરીકે ગીફટ મનીની ડિમાન્ડ થઈ રહી છે.

એક ચર્ચા મુજબ, હાઉસિંગ રિડેવલમેન્ટમાં બિલ્ડર દ્વારા ગીફટ મનીનો મુદો હાલ ચર્ચામાં છે, કારણ કે તાજેતરમાં હાઉસીંગની કેટલીક સોસાયટીઓમાં ગીફટ મની કે ગીફટ આપવામાં આવી હોવાની હાઉસીંગના આગેવાનો અને રહીશોમાં ચર્ચા થઈ રહી છે. જેમાં તાજેતરમાં નારણપુરામાં કેટલીક સોસાયટીઓમાં ગીફટ મની તરીકે ૫ લાખ આપવામાં આવી હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. આ અગાઉ નારણપુરામાં જ શાસ્ત્રીનગરમાં એમ બ્લોકમાં ડેવલપર દ્વારા ગીફટ મની તરીકે ૧૦ ગ્રામ સોનાની લગડી આપવામાં આવી હોવાની ચર્ચા હતી.થોડાક સમય અગાઉ પણ વસ્ત્રાપુરના આનંદવિહાર એપાર્ટમેન્ટ, નારણપુરાના એકતા ફેસ્ટિવલ, નવા વાડજના કીરણપાર્કમાં ગીફટ મની આપ્યા હોવાની ચર્ચા થઈ હતી.

હવે તમને જણાવી દઈએ હાઉસીંગની રિડેવલમેન્ટ પોલીસીમાં કયાંય ગીફટ મનીનો ઉલ્લેખ નથી, સાથે સાથે એવો પણ કોઈ ઉલ્લેખ નથી કરાયો કે જેમાં કહેવામાં આવ્યું છે કે ગીફટ મની ન આપવી, જો હોય તો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો હોય કે ગીફટ મની પર પ્રતિબંધ છે.આમ પોલીસી વખતે ગીફટ મની મુદ્દે ડેવલપર અને હાઉસિંગના રહીશો પર છોડી દેવામાં આવ્યું હોવાનું જાણકારો માની રહ્યાં છે.જયાં રહીશો અને ડેવલપર વચ્ચે સહમતી સધાય તો આપી શકાય અને ન સધાય તો ઈન્કાર પણ કરી શકાય એમ છે.

હવે જો ખાનગી સોસાયટીઓના રિડેવલપમેન્ટની વાત કરવામાં આવે તો મોટાભાગની ખાનગી સોસાયટીઓમાં મોટુ બાંધકામ સહિત ગીફટ મની કે ફર્નીચર લેખે ૩થી ૫ લાખ આપ્યા હોવાની વાતો સામે આવી છે,આ ઉપરાંત ખાનગી સોસાયટીઓમાં ગીફટ મની સાથે એસી, ફ્રીજ કે ફર્નીચર પણ કયાંક અપાયા હોવાની વાતો બહાર આવી છે.

આમ સરકારની રિડેવલપમેન્ટ પોલીસીની વાત માનીએ તો સરકાર કે હાઉસીંગ બોર્ડ ગીફટ મનીને લઈને કયાંય વચ્ચે આવતું નથી. આ મુદ્દો હાઉસીંગના રહીશો અને બિલ્ડર પર છોડી દીધો હોવાનું મનાઈ રહ્યું છે.અને અત્યાર સુધી રિડેવલપમેન્ટમાં ગયેલ હાઉસિંગની સોસાયટીઓમાં કેટલીક સોસાયટીઓમાં ગીફટ મની અપાયા છે, તો કયાંક નથી અપાયા.

આમ તાજેતરમાં નારણપુરામાં કેટલીક સોસાયટીમાં, નારણપુરામાં નીધી એપાર્ટમેન્ટમાં ગીફટ મની તરીકે ૫ લાખ અને શાસ્ત્રીનગરમાં એમ બ્લોકમાં બિલ્ડર દ્વારા ગીફટ મની તરીકે ૧૦ ગ્રામ સોનાની લગડી આપવામાં આવતા હાઉસીંગના રહીશો ઉત્સાહમાં આવી ગયા છે.અને આવનાર સમયમાં તેઓને રિડેવલપમેન્ટ દરમ્યાન ગીફટ મની મળશે એવી આશા સેવી રહ્યા છે.

### હાઉસિંગના અગ્રણી વિનોદભાઈ ચૌહાણનું મંતવ્ય

## ગીફટ મની એ ભીખ નથી, હક છે, ઘરના સંસ્મરણો અને ફર્નીચરના નુકશાન તરીકે ગણવું જોઈએ

અમદાવાદ : "નાગરિક સેવા સંગઠન"ના અગ્રણી વિનોદભાઈ ચૌહાણના મંતવ્ય મુજબ,જે એસોસિએશનના હોદ્દેદારોએ સોસાયટીઓના રહીશોના હીતની ચિંતા કરી છે એવી દરેક મોટાભાગની સોસાયટીઓમા રીડેવલપમેન્ટમાં ગીફટ મનીની ચુકવણી ડેવલપરે કરેલી જ છે. ગીફટ મની શબ્દ વિશે તેઓએ વધુમાં જણાવ્યુ કે,ગીફટ મની એટલે આપણે બિલ્ડર પાસે ભીખ માંગતા હોય એવુ લાગે છે, પરંતુ જે ઘરમા બાળપણ વીતીને જવાન થયુ હોય, માબાપના ઘડપણની યાદો છુપાયેલી હોય એવા સંસ્મરણોને રુપીયાઓથી કયારેય તોલી ના શકાય માટે બિલ્ડર પાસેથી ગીફટ મની ના રુપે નહી, પરંતુ ઘરના ફર્નિચરની તથા અન્ય નુકશાનીના વળતર પેટે અવશ્ય નુકશાની લેવી જ જોઈએ.તેઓએ દરેક એસોસિએશનને વિનંતી કરી છે કે,તમારી સોસાયટીઓની કરોડોની જમીન બિલ્ડર મામુલી રકમ પ્રીમિયમ પેટે ભરીને લે છે માટે બધાએ સામુહીક વળતરની માંગણી કરવી જ જોઈએ.બિલ્ડર એ વેપારી છે એ કયારેય લાભનો મોકો જતો નહી કરે એ વાત ચોક્કસ છે....

# ભારતમાં જન્મજાત ૨ લાખથી વધુ બાળકો હૃદય સંબંધી બિમારી ધરાવતા હોવાનો અંદાજ

ભારતમાં પાછલા કેટલાક વર્ષોથી નાના બાળકોમાં હૃદયને લગતી બિમારી જોવા મળી રહી છે. નાના બાળકોને હાર્ટ એટેક આવવા લાગ્યા છે. આ વાત જૂની પેઢીને આશ્ચર્યજનક લાગે છે કારણ કે પહેલાના જમાનામાં અમુક ઉંમર પછી એટેક આવતા હતા. પરંતુ આજકાલ બાળકો અને નવ યુવાનો એટેકનો ભોગ બની રહયા છે. તાજેતરમાં માત્ર આઠ વર્ષની બાળકીને કાર્ડીયાક એરેસ્ટ આવ્યો હતો. બાળકોમાં હાર્ટ એટેક આવવા પાછળ કેટલાક જન્મજાત કારણો હોય છે તે માની શકાય તેવી વાત છે કે જન્મ લેતા હાર્ટને લગતી સમસ્યા ભારતમાં વર્ષે દહાડે લાખો બાળકોમં જોવામાં આવે છે તેમાંથી પાંચમા ભાગના બાળકોમાં ગંભીર રોગ હોય છે તેમને પહેલા વર્ષથી સારવાર કરવી પડે છે. પરંતુ પાછલા ઘણા સમયથી બદલાયેલી જીવનશૈલીના કારણે પણ હાર્ટ (હૃદય)ને લગતી સમસ્યા જોવા મળી રહી છે. ફાસ્ટફૂડ ભણવાનું સ્ટ્રેસ, નોકરીનું ટેન્શન, સામાજીક સમસ્યા, પૂરતી ઉંઘ ન લેવી આ તમામ કારણો આડકતરી રીતે જવાબદાર હોય છે તેવુ તબીબોનું માનવું છે. આજકાલતો ચીઝ- પનીરવાળી ચીજવસ્તુઓ સાથેના ફાસ્ટફૂડની ભારે ડીમાન્ડ છે. ખાવાની સાથે પૂરતા વ્યાયામનો અભાવ જોવા મળે છે તેને કારણે બાળકોના સ્વાસ્થ્ય પર લાંબા ગાળે અસર થાય છે. કોરોના કાળ પછી ઘણાં નવ યુવાનોએ હાર્ટ એટેકમાં પોતાના જીવ ગુમાવ્યા હતા. નાના બાળકો- નવ યુવાનોના મૃત્યુ થઈ રહયા છે તે હકીકત છે જે સમાજ સમક્ષ મોટો પ્રશ્ન છે. આધુનિક યુગમાં જીવનશૈલીમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું છે. ખાણીપીણીમાં જે ચીઝ વપરાય છે તેને લઈને અનેક સમસ્યા સર્જાય છે તબીબો તરફથી અનેક વખત લાલબત્તી ધરવામાં આવે છે. ખાસ તો શહેરી વિસ્તારોમાં મેદાનના અભાવને કારણે રમતગમત પ્રવૃતિ પણ ઓછી થઈ ગઈ છે. સતત મોબાઈલ-કોમ્પ્યૂટર પર બાળકો યુવાનો રચ્યાપચ્યા રહે છે તે નજરે પડે છે. આઉટડોર રમતો ઓછી થઈ જતા બાળકોનો વિકાસ રૂંધાઈ જાય છે. વ્યાયામનો અભાવ મોટો પ્રશ્ન છે. ખાસ તો જંકફૂડથી બાળકો દૂર રહે તેની તકેદારી રાખવી પડશે. ભારતમાં એક અંદાજ મુજબ જન્મજાત ૨ લાખ જેટલા બાળકો હદયના નાના મોટા રોગ સાથે જન્મ લે છે તેમાંથી પાંચમા ભાગના બાળકોને ગંભીર પ્રકારના હદયના રોગ હોય છે તેવુ તારણ છે આ પ્રકારના કિસ્સામાં સારવાર લેવી આવશ્યક થઈ જાય છે પરંતુ જે બાળકોના મેડીકલ હીસ્ટ્રી એકદમ કલીન હોય તેવા બાળકો હદયરોગનો શિકાર બની રહયા છે તે ખૂબ જ આશ્ચર્ય અને આઘાતજનક બાબત છે આ દિશામાં સૌ કોઈએ હવે જાગૃત થવું પડશે. સ્વાસ્થ્યને સૌ પ્રથમ પ્રાધાન્ય આપવું પડશે. ખાવાની બાબતમાં લીમીટ અને પૂરતા વ્યાયામ સાથે પૂરતી ઉંઘને લક્ષમાં લેવી જોઈએ.

## સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશનને મળ્યા નવા ચેરમેન, જાણો કોણ છે એ IAS અધિકારી?

અમદાવાદ : સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશનની જવાબદારી એક સિનિયર ડાયનેમિક અધિકારીને સોંપવામાં આવી છે. આવા મહત્ત્વના કોર્પોરેશનના ચેરમેનપદે IAS આઈ.પી. ગૌતમની નિમણૂક કરવામાં આવી છે.તેઓ અમદાવાદ મહાનગરપાલિકાના કમિશનર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, આઈ.પી. ગૌતમ ૧૯૮૬ની બેચના નિવૃત્ત આઈએએસ અધિકારી છે. તેઓ સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશનના ચેરમેન તરીકે બે વર્ષ માટે નિયુક્ત થયા છે. આ ડાયનેમિક અધિકારી ૨૦૧૩માં શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીપદેથી નિવૃત્ત થયા હતા. સાબરમતી રિવરફ્રન્ટના નિર્માણ દરમિયાન ગૌતમની સૌથી અગત્યની ભૂમિકા રહી હતી. આ ઉપરાંત કમિશનર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન કાંકરિયા લેકફ્રન્ટનો વિકાસ, બીઆરટીએસ ઉપરાંત શહેરમાં અનેક ઓવરબ્રિજની કામગીરી સફળતાપૂર્વક થઈ હતી. અમદાવાદમાં ઉત્તમ કામગીરીના અનુભવને આધારે તેમને રાજ્યના શહેરી વિકાસ ખાતામાં સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. એ રીતે તેમણે રાજ્યનાં અન્ય શહેરોના વિકાસમાં પણ નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી.

આઈપી ગૌતમે તેમની કારકિર્દીની શરૂઆત આવકવેરા વિભાગની ઈન્ડિય રેવન્યુ સર્વિસમાં આસિસ્ટન્ટ કમિશનર તરીકે કરી હતી અને ત્યારબાદ ૧૯૮૬માં IAS તરીકે જોડાયા હતા.

Digital India Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC E-GOVERNANCE SERVICES INDIA LIMITED
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

### હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની રાજકીય ભવિષ્યવાણી

# ગુજરાતના રાજકારણમાં મોટો ભૂકંપ આવશે...!!



ગાંધીનગર : ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલ થવાની છે. આવું જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કરી છે. હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે વાતાવરણની સાથે સાથે ગુજરાતના રાજકારણની આગાહી કરી છે, એવું અહેવાલો જણાવી રહ્યા છે. અહેવાલો મુજબ, ગુજરાત અને દેશના રાજકારણમાં મોટા ફેરફારો થઈ શકે તેવી જ્યોતિષ અંબાલાલ પટેલની નવી આગાહી છે. સાથે જ ગુજરાતમાં રાજકીય રીતે ફેબ્રુઆરી માસ દરમિયાન મોટી ચહલ પહલ અને આયા રામ ગયા રામની રાજનીતિ થશે તેવી ભવિષ્યવાણી પણ કરી છે. તેમણે કહ્યું કે, કેન્દ્ર કે રાજ્ય સરકારને મોટી અસર નહીં થાય પણ આંતરિક અસંતોષ રાજકીય પક્ષોમાં ઊભો થશે. ગુજરાતમાં પણ આંતરિક ખેંચતાણ ચરમ સીમાએ પહોંચે.

તમને જણાવી દઈએ કે અંબાલાલ પટેલની આ રાજકીય આગાહી એવા સમયે આવી જ્યારે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યુગલ ફૂંકાયું છે. પ્રદેશ પ્રમુખથી લઈને જીલ્લા-શહેર પ્રમુખની નિમણુંક લાંબા સમયથી અટવાઈ છે. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓ જાહેર થઈ હોવા છતાં જોઈએ એવો ચુંટણીઓમાં ઉત્સાહ જણાતો નથી, જો કે સિઝન મુજબ અત્યારથી જ પક્ષપલટાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે ગુજરાતના રાજકારણમાં આગામી સમયમાં શું થશે તે તો સમય આવ્યે જ ખબર પડશે.

હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે ફેબ્રુઆરી મહિનામાં મોટી ઉથલપાથલની પણ આગાહી કરી છે. તેમણે કહ્યું કે, ૨ ફેબ્રુઆરીથી ૮ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં ફરી પાછી ઠંડી આવશે. આ સમયગાળા દરમિયાન રાજ્યના ઉત્તર ગુજરાત સહિત અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડી શકે છે. વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણે હવામાનમાં મોટો પલટો આવશે. ખેડૂતો માટે આ સમયગાળો સાવચેતી રૂપ હોવાનું તેમણે જણાવ્યું.

### પ્રદેશ મહામંત્રી રજની પટેલ માટે સંદેશો

## અબ તુમ્હારે હવાલે કમલમ સાથીઓ

ગાંધીનગર : ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ કેન્દ્રિય મંત્રી બન્યા પછી ગુજરાતમાં બહુ સમય અને ધ્યાન આપી શકતા નથી એટલે બધી જવાબદારી પ્રદેશ મહામંત્રી રજની પટેલને સોંપી છે. એ રીતે જોઈએ તો રજની પટેલ અત્યારે પડદા પાછળના પ્રદેશ પ્રમુખ છે.અલબત્ત, આ અંગે કોઇ સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી તેમજ આવું કંઈ પણ કરાયું નથી એવી સ્પષ્ટતા પણ ભા.જ.પ. તરફથી સત્તાવાર રીતે કરી દેવાઈ છે. પણ અંદરખાને થયેલી વ્યવસ્થા અનુસાર 'લાકડીયા તાર'ની પદ્ધતિથી સૌને સંદેશો આપી દેવામાં આવ્યો છે કે નવા પ્રદેશ પ્રમુખ ન આવે ત્યાં સુધી રજની પટેલના માર્ગદર્શન હેઠળ સર્વેએ કામ કરવું. ભા.જ.પ. તો શિસ્તબદ્ધ પક્ષ છે એટલે પક્ષમાં 'કુલડીમાં ગોળ ભંગાય' તેનો ઉચ્ચાર સુદ્ધાં કોઈ ન કરે.આ શિસ્તને કારણે તો આ પક્ષ છેલ્લા ૨૮ વર્ષથી ગુજરાતમાં રાજ કરે છે.

### ઓબીસી આગેવાન અને ધારાસભ્ય એવા

## ઉદય કાનગડને પાટીલની નજદીકી ફળશે?

ગાંધીનગર : ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ પદને લઈને રોજ નવા ફણગા ફૂટી રહ્યા છે. મોટે ભાગે ઓ.બી.સી.માંથી જ પ્રદેશ પ્રમુખની પસંદગી થશે તેવી હવા ફેલાઈ છે. તેનુ કારણ એવું અપાય છે કે મુખ્યમંત્રી પાટીદાર સમાજમાંથી આવે છે એટલે એ સમાજ તો ભા.જ.પ.સાથે છે જ.હવે આવતા દિવસોમાં રાજ્યમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ૨૭% ઓબીસી અનામતના ધોરણે લડવાની હોવાથી હવે એ સમાજ પર વધુ મદાર ભા.જ.પ.નો રહેશે.આ બાબતને ધ્યાનમાં રાખીને પ્રદેશ પ્રમુખ ઓબીસી સમાજમાંથી આવે એવી શક્યતા છે.તેના અનુસંધાને હાલ રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ પર પસંદગીનો કળશ ઢોળાય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. તેનું કારણ ઉદય કાનગડ વર્તમાન અધ્યક્ષ પાટીલની ખૂબ નજીક છે.જો કે આ બધી વાતો તો "છાસ છાગોળે, ભેંસ ભાગોળે અને ઘરમાં ધમાધમ"ની કહેવતની યાદ આપે એવી છે! દિલ્હીનું મોવડીમંડળ 'કોથળામાંથી કેવું બીલાડુ કાઢશે'એની તો કોઈને પણ ખબર નથી હોં!

### સરકારની જાહેરાતના ગણતરીના કલાકોમાં જ ઓનલાઈન બુકિગ થઈ ગયું

# અમદાવાદથી પ્રયાગરાજ માટેની એસટીની વોલ્વો બસો સળંગ ૩૦ દિવસ માટે હાઉસફૂલ !

અમદાવાદથી પ્રયાગરાજ મહાકુંભમાં જવા માટે રાજ્ય સરકારે એસટીની વોલ્વો બસ સેવા તા.૨૭ જાન્યુઆરીને સોમવારરથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તેનું બુકીગ તા.૨૫ જાન્યુઆરીથી શરૂ કરવાના ગણતરીના કલાકોમાં જ તા.૨૫ ફેબ્રુઆુરી સુધીની એટલે કે સળંગ ૩૦ દિવસની તમામ બસો હાઉસફુલ થઈ ગઈ હતી ! પ્રયાગરાજ માટે બસને મુખ્યમંત્રી લીલીઝંડી આપી દોડાવે તે પહેલાં જ એસ.ટી. નિગમને ૧.૧૪ કરોડ રૂપિયાનો એડવાન્સમાં જ વકરો

**સીએમ લીલીઝંડી આપે તે પહેલાં જ જીએસટીને રૂા. ૧.૧૪ કરોડનો વકરો થયો**

થઈ ગયો હતો. ૧૪૪ વર્ષે આવેલા મહાકુંભમાં જવા માટે ગુજરાતીઓ અને તેમાંય અમદાવાદીઓ કેટલા ઉત્સુક અને આતુર છે તેનો અંદાજ ઉપરોક્ત બુકિંગ પરથી જ આવી શકે તેમ છે. ટ્રેનોમાં ટીકીટ નથી મળતી હવાઈ ભાડા આકાશને આંબી રહયા છે. ખાનગી બસ ચાલકો તકનો લાભ લઈ રહયા છે. ખાનગી વાહનો લઈને પ્રયાગરાજ જવું દરેક પરીવારો માટે શકય નથી. તેવામાં રાજય સરકારે શ્રધ્ધાળુઓ માટે પ્રયાગરાજ જવા માટે એસટીની વોલ્વો બસ સેવાને ખોલાલે એક વિકલ્પ પણ હવે સામાન્ય લોકો માટે રહ્યો નથી. ત્યારે શ્રધ્ધાળુઓ ભારે નિરાસા અનુભવી રહયા છે. સરકારની બસ દોડાવવાની જાહેરાત બાદ લોકો સમજે વિચારે પરીવારમાંથી કેટલા સભ્યોએ જવાનું છે તે નકકી કરે છે. તે પહેલાં તો એસટીની તમામ વોલ્વો બસનું રાતોરાત જ બુકીગ હાઉસફુલ થઈ જતા સામાન્ય વર્ગના લોકો પણ વિચારતા થઈ ગયા છે. કે આમ કેવી રીતે થયું ? સામાન્ય લોકો મહાકુંભ મેળામાં જઈ શકે તે માટે વધારાની બસો દોડાવવાની પણ લોકો માંગણી કરી રહયા છે. અમદાવાદ શહેરમાં કોલ્ડપ્લેના કોન્સર્ટ અને ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં કુંભના મેળાનો ક્રેઝ એટલો બધો છે. બંનેમાં કીડીયારૂ ઉભરાયું કુંભના મેળામાં જવા માટે વોલ્વો ઉપરાંત અનેક નવી ટ્રેન મુકાઈ હતી. તે હાઉસફુલ થઈ ગઈ પ્લેનની ટીકીટના ભાવ આસમાને આંબવા માંડયા છે.

### સાંસદ દિનેશ મકવાણાએ રેલ મંત્રીને કર્યો હતો અનુરોધ

# પ્રયાગરાજ જતી ટ્રેનમાં વધારાના કોચ ઉમેરાયા

Printed, Published and Owned by BHARGAV C. SUNDARAM and Printed at Shree ... Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-2... Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGA...

અમદાવાદ : અમદાવાદ પશ્ચિમ લોકસભાના લોકપ્રિય સાંસદ દિનેશ મકવાણાએ કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવને અનુરોધ કર્યો હતો કે, અમદવાદ થી પ્રયાગરાજ જતાં મુસાફરોની વધતી સંખ્યાને કારણે ટ્રેનમાં ટીકીટની અછત થઈ રહી છે. સંજોગોને ધ્યાને લેતા તેઓએ વધુ કોચ ઉમેરવા અને ટ્રેનના ફ્રિકવન્સી વધારવા માટે અનુરોધ કર્યો હતો.

મળતા રિપોર્ટ મુજબ, સાંસદ દિનેશ મકવાણા દ્વાકા કરાયેલ અનુરોધ પર કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા તુરંત યોગ્ય પગલાં લેવા મંજુરી આપી હતી અને આજથી જ અમદાવાદ – પ્રયાગરાજ ટ્રેનમાં વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે. સાંસદ દિનેશ મકવાણાએ આ તરફદારી અને યોગ્ય પગલાં માટે વૈશ્વણજીનો આભાર વ્યક્ત કર્યો હતો.

વધારાના કોચને ઉમેરવાના નિર્ણયથી અમદાવાદ-પ્રયાગરાજ જતાં મુસાફરોમાં આનંદની લાગણી છવાઈ છે, આ નિર્ણયથી ટ્રેન મુસાફરોને મોટી રાહત મળશે અને પ્રવાસીજનોને યોગ્ય સીટો મળી શકશે.

### ભાવિકોને રહેવા-જમવા સાથે આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરાવાઈ

# પ્રયાગરાજ કુંભમાં પ્રવિણ તોગડીયાના નેતૃત્વમાં સેવાયજ્ઞનું આયોજન

પ્રયાગરાજ : પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ ઓજસ્વીનીના સ્થાપક ડો. પ્રવિણ તોગડીયાના નેતૃત્વમાં વિશાળ સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અત્યાર સુધીમાં એક કરોડ લોકોને મફત ભોજન કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, દરરોજ એક લાખ લોકોને ચા-નાસ્તા સાથે સ્નાન કરવા માટે ગરમ પાણી અને કંબલની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આ સેવા કેમ્પની મુલાકાત ગુજરાતના ભૂતપુર્વ મુખ્યમંત્રી અને હાલના ઉત્તરપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલે પણ લીધી હતી.

આ સેવાયજ્ઞમાં આરોગ્યલક્ષી સેવાઓ અંતર્ગત ભાવિકો માટે બીપી, શુગર અને મોટાપાની તપાસ વિનામૂલ્યે કરવામાં આવી રહી છે. 'હિન્દુ એક શ્રેષ્ઠ હિન્દુ' નારા સાથે સમગ્ર ભારતમાંથી આવેલા ૫૦૦૦ કાર્યકર્તાઓ આ સેવાકાર્યમાં જોડાયા છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા ભાવિકોને મફત રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે, રાષ્ટ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ પ્રમુખ રણછોડ ભરવાડે જણાવ્યું હતું.